# ઓગળે

ગાલગા લગાલ ગાગા ગાલગા ગાલગા

પંચમ શુક્લ

ઓગળે દરાર મારી નાવ પણ ઓગળે,
આછરે વહેણ ઝીણું આભરણ ઓગળે.

ખોબલે ભરેલ જાળો ઊકલે કે નહીં,
માછલાં ફસાવવાની ગોઠવણ ઓગળે.

આકરાં અવાજ પૂંઠે ચાલતાં, ચાલતાં,
કોતરો, કરાડ ઘૂમી આ ચરણ ઓગળે.

સઢ નથી સુકાન નૈ, ને બાવડે બળ નથી,
શ્વાસ બસ પરાળ છાંટે ને કળણ ઓગળે.

વાયરો જગાડ જોગી રાખ મુઠ્ઠી ભરી,
આયખું પરાગ ઢોળે ને મરણ ઓગળે.

દાહોદ, ૨૧-૬-૧૯૯૨